શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર – અમરેલી દ્વારા પ્રકાશિત

# ટપક

વર્ષ : ૧ અંક ૪

મે ૧૯૯૯

તંત્રી : સુરેખા મહેતા મુદ્રણાલય : શકિત ઓફસેટ, બહારપરા – અમરેલી.
માલિક,મુદ્રક અને પ્રકાશક : શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર ૯૫, જલારામનગર – ૨, અમરેલી.
સંપાદક ટીમ : પ્રકાશ ભટ્ટી,હિરલ ખાલપાડા, દયા ચૌહાણ, વજુ ગોવિંદીયા

## સ્વૈચ્છિક સંસ્થાઓ ગઈ કાલ અને આજ

જગડુશા દાતારથી આજ સુધી સામાજિક કાર્યો માટે કાર્યરત સંસ્થાઓ અને દાતાઓ દ્વારા જે તે વખતની જરૂરિયાતોને ધ્યાનમાં લઈ પ્રવૃતિઓ ચાલતી હતી. જેમાં ભારતની આઝાદીની ચળવળના સમયથી ફેરફાર આવ્યો. લોકોને સ્વાવલંબી બનવા તરફ ગાંધીજી દ્વારા ખાદીની પ્રવૃતિઓ હાથ ધરાઈ. આઝાદી પછી સંસ્થાઓ સરકારના ટેકામાં કાર્યરત બની જેમાં કાયદો, યોજનાઓના અમલીકરણમાં સહયોગ વિ. બાબતો નો સમાવેશ થતો હતો. ધીરે ધીરે સંસ્થાઓ વિકાસ માટે ચિંતીત બની સમાજના દરેક અંગો તે માટે જાગૃત બને તેવા પ્રયત્નો સાથે જુદા જુદા વર્ગ સાથે જુદાજુદા પ્રશ્નો માટે હાલમાં સંસ્થાઓ કાર્ય કરી રહી છે. હાલમાં ચાલી રહેલી સંસ્થાઓની કામગીરી જે તે પ્રશ્નો માટે જે તે વર્ગ સાથે એક લાંબા ગાળાની પ્રક્રિયા ચલાવી તેમાં બદલાવ લાવવાનો પ્રયાસ કરી રહી છે. નવા નવા પ્રશ્નો સામે આવી રહયા છે, તેના નિરાકરણ માટે સ્થાનિક લોકોની સમજ ઉભી કરવા લાંબો સમય જોઈશે. પરંતુ આવા વિચારોવાળી સંસ્થાને સ્થાનિક લોકોનો પુરતો સહયોગ મળશે, સંસ્થાની અને પોતાની બંનેની જાણકારી જોડશે તો વિકાસની સમજ ઉભી થવાનો સમયગાળો ઘટાડી શકાશે. આમ થશે તો તેના પરિણામો જોઈને આપણે આપણી અગાઉની નિષ્ફળતાઓને ભૂલી શકીશુ.

અમરેલી જિલ્લામાં શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્ર સહિત ઘણી સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાના **VISSION** આધારિત કાર્યક્રમો ચલાવી રહી છે. જેમાં પર્યાવરણ અને સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ, રોટરી કલબ, લાયન્સ કલબ, સારહી કલબ, સેવા ટ્રસ્ટ, બાયફ, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનીંગ ઈન્સ્ટીટયુટ, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, ઉત્થાન,વિકાસ ટ્રસ્ટ, અંબુજા ફાઉન્ડેશન, કુંડલા તાલુકા ગ્રામ વિકાસ મંડળ, સરદાર યુવક મંડળ, સામાજિક ન્યાય કેન્દ્ર, નવ સર્જન ટ્રસ્ટ, યુથ હોસ્ટેલ્સ (અમરેલી,ધારી,રાજુલા, લાઠી), સૌરાસ્ટ્ર ગ્રામ વિકાસ ટ્રસ્ટ, ગ્રાહક સુરક્ષા મંડળ , લોક કલ્યાણ ટ્રસ્ટ, સમગ્ર વિકાસ ટ્રસ્ટ, વિગેરે આ ઉપરાંત પણ જ્ઞાત–અજ્ઞાત સ્વરૂપે કાર્યરત સંગઠનો પોતાના વિચારો મુજબ કાર્ય કરી રહયા છે. જેનો લોકો સાથે સંપર્ક વધુ છે તે સ્વૈચ્છિક સંગઠનો પોતાના કાર્યમાં ઝડપભેર આગળ વધી રહયા છે.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા છેવાડાના વિસ્તારોમાં લોકોનો સંપર્ક તથા માહિતીઓ એકત્ર કરવાની કાર્યવાહી ચાલે છે. ખાસ કરીને સમાજના તાકાત વાળા વર્ગથી જે વર્ગ દબાયેલો છે તેના સશકિત કરણ માટે સ્થાનિક અસરગ્રસ્તોના જુથો બનાવી તેને પ્રવૃતિ દ્વારા ટેકો આપવાની કામગીરી પણ ચાલી રહી છે. જેમાં ખાંભા વિસ્તારના ગામોમાં મહિલાઓના જૂથો બન્યા છે. તેની સાથે સંસ્થા સંવાદ કરી રહી છે.

ઉપરોક્ત કામગીરીને પ્રકાશમાં લાવવા 'ટપક' નો જન્મ થયો છે. આપના ઉપયોગી સૂચનો, પ્રેરણાદાયક સમાચારો મોકલતા રહેશો તો 'ટપક' ને આનંદ થશે.

**–સંપાદકીય**

ટપકને હાર્દીક શુભેચ્છાઓ

ચામૂંડા કિરાણા સ્ટોર્સ

મનુભાઈ મકવાણા આંબલીયાળા

## સ્વ સહાય જૂથની વિગત

| ક્રમ | ગામનુ નામ/જૂથનુ નામ | સભ્યો | બચત રૂપિયા | શરૂ કર્યાની તારીખ | માસિક મીટીંગ | કુલ બચત | આગેવાન બહેનો |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સૂર્યનગર મહિલા મંડળ–ભાડ | ૧૦ | ૧૦ | ૧/૧૧/૯૮ | ૧૦ | ૫૦૦/– | ૧) કુંવરબેન ભરવાડ<br>૨) દયાબેન મકવાણા |
| (૨) | શ્રીરામ મહિલા મંડળ–ભાડ | ૨૧ | ૨૦ | ૧/૧/૯૯ | ૧ | ૧૭૦૦/– | ૧) લાભુબેન ઠુમ્મર<br>૨) જીવતીબેન પટેલ |
| (૩) | ખોડીયાર મહિલા મંડળ–કોટડા | ૯ | ૨૦ | ૧/૧/૯૯ | ૧૦ | ૫૨૦/– | ૧) દેવુબેન ચાંક<br>૨) સુમીતાબેન રાખોલીયા |
| (૪) | શ્રીજી મહિલા મંડળ–પચપચીયા | ૨૧ | ૨૫ | ૧/૧૦/૯૮ | ૧ | ૩૧૫૦/– | ૧) મંજુબેન રાખોલીયા<br>૨) બેલાબેન પટેલ<br>૩) રેખાબેન સેંજલીયા |
| (૫) | સંતોષી મહિલા મંડળ–આંબલીયાળા | ૧૫ | ૧૦ | ૧/૧૨/૯૮ | ૧૭ | ૭૫૦/– | ૧) હંસાબેન મકવાણા<br>૨) દેવુબેન મકવાણા |
| (૬) | સાળવા | ૫ | ૧૦ | ૧/૪/૯૯ | ૧ | ૫૦/– | ૧) વસંતબેન શિરોયા |
| (૭) | પીપરીયા | ૨૦ | ૧૦ | ૧/૪/૯૯ | ૧ | ૨૦૦/– | ૧) લીલાબેન શિયાળ<br>૨) શાંતાબેન સોસા |

## અવૈધિક શિક્ષણ તા. ખાંભા

| ક્રમ | ગામ | સંચાલક | સમય | બાળકોની સંખ્યા | જરૂરી સાધનો | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હાજરી પત્રક | પાટી | પેન | ચોક | ડસ્ટર | બ્લેકબોર્ડ |
| ૧ | ભાડ | શ્રી દયાબેન મસરીભાઈ મકવાણા | રાત્રે ૮ થી ૯ | ૧૫ | ૧ | ૧૫ | ૧ બોકસ | ૧ બોકસ | ૧ | ૧ |
| ૨ | વાંકિયા | શ્રી સવિતાબેન હરિયાણી | રાત્રે ૮ થી ૯ | ૧૦ | ૧ | ૧૦ | ૧ બોકસ | ૧ બોકસ | ૧ | ૧ |
| ૩ | જીકીયાળી | શ્રી ભાવનાબેન જોષી | બપોરે ૧૧થી૧૨ | ૩૦ | ૧ | ૩૦ | ૨ બોકસ | ૨ બોકસ | ૧ | ૧ |
| ૪ | કોટડા | શ્રી અરૂણભાઈ રીબડીયા | રાત્રે ૮ થી ૯ | ૪૦ | – | ૪૦ | ૩ બોકસ | ૩ બોકસ | ૧ | ૧ |
| ૫ | રૂગનાથપુર | શ્રી યોગેશભાઈ બી. વ્યાસ | રાત્રે ૮ થી ૯ | ૧૫ | ૧ | ૧૫ | ૧ બોકસ | ૧ બોકસ | ૧ | ૧ |

## સમાચારો

### ICPRD :

ગુજરાતના ઈન્કમ જનરેશનની પ્રવૃતિ કરતા, સેલ્ફ એમપ્લોયમેન્ટ – ઈ.ડી.પી. પ્રવૃતિ કરતા એન.જી.ઓ. માટે ૨ દિવસનો વર્ક શોપ જુન ૨૬/૨૭''૯૯ દરમ્યાન જુનાગઢ ખાતે ICPRD તથા સૌરાષ્ટ્ર ઈકોનોમીક ડેવલપમેન્ટ સેન્ટરના સંયુકત ઉપક્રમે યોજાયેલ છે.

**ઈન્ડસ્ટ્રીયલ સર્વે :**

અમરેલી જિલ્લાની ઈન્ડસ્ટ્રીયલ સર્વેની કામગીરી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા હાથ ધરાયેલ છે. આ સર્વે ઈન્ડેક્ષ–બી, ગેપ કોર્પોરેટ સર્વિસ લી. તથા સૌરાષ્ટ્ર ઈકોનોમીક ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા તૈયાર થઈ રહેલ ડીરેકટરી માટે કરવામાં આવી રહયો છે.

**સિંચાઈ યોજનાના અસરગ્રસ્તો :**

પંચમહાલના કોલયારી ડેમના અસરગ્રસ્તોના સંગઠનને આશરા તથા અન્ય સંગઠનોના સહકારથી ટેકો સાંપડેલ છે. ડેમનુ બાંધકામ ધીમુ છે. પુનઃર્વસનની વ્યવસ્થાથી તેઓને સંતોષ નથી. તા. ૧/૧/૯૯થી મહિલાઓએ ધરણા યોજી આંદોલન છેડયુ છે. તા. ૬/૩/૯૯ ના રોજ આશરાની મહિલા કાર્યકર્તાઓ દ્વારા ખેડાપા (તા. મોરવા) ખાતે મહિલા સંમેલન આંતર રાષ્ટ્રિય મહિલાદિનની ઉજવણી ના ભાગ રૂપે યોજાયું.

**જળકૃષિ અભિયાન : વિકાસની શકયતા અને સમસ્યાઓ :**

સૌરાષ્ટ્ર મૈત્રી મંચ દ્વારા વડોદરા ખાતે તા. ૨૭/૪/૯૯ ના રોજ જળ વ્યવસ્થાપન આધારિત સંમેલન યોજાયું. મુખ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમમાં જળ,કૃષિ આધારિત તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતું. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના પ્રતિનિધિ શ્રી વી.સી.ગોવીંદીયાએ તેમાં ભાગ લીધો હતો.

**વિધવા –ત્યકતા પેન્શન**

ગુજરાતમાં ડીસેમ્બર '૯૬ થી અમલમાં મૂકાયેલ વિધવા પેન્શન યોજના હેઠળ અમરેલી જિલ્લામાં નોંધનીય કામગીરી થઈ છે. જેમાંઅમરેલી તાલુકામાં ૩૬૦ વિધવા બહેનો પેન્શન મેળવતી થઈ જે ગુજરાતમાં પ્રથમ ક્રમે છે. સાવરકુંડલા તાલુકામાં ૧૦૯ તથા અન્ય તાલુકાઓમાં પણ સારી કામગીરી થઈ છે. જિલ્લા સમાજસુરક્ષા અધિકારી શ્રી સી.બી.પંડયા તથા કચેરી ના સ્ટાફના સહયોગ ના કારણે સારા પરિણામો મેળવી શકાયા છે. પરંતુ ઉલ્લેખનીય બાબત તો એ છે કે અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૫ વર્ષથી સામાજિકક્ષેત્રે કાર્યરત શ્રી દિલશાદભાઈ શેખ કે જેઓ હાલમાંઅમરેલી જિલ્લા ગ્રાહકસુરક્ષા મંડળના મહામંત્રી તરીકે કાર્યભાર સંભાળે છે. તેઓએ અમરેલી જિલ્લાનો પ્રવાસ કરી મહિલાઓ, પુરૂષો સાથે બેઠકો યોજી વિધવા પેન્શન યોજનાની માહિતિ પૂરી પાડી અને અરજીતૈયાર કરી રજુ કરવા સુધી સંપૂર્ણ માર્ગદર્શન આપી આ કાર્યમાં સામેલ થયા

છે. અમરેલી તાલુકામાં શિક્ષણ અને સમાજકલ્યાણ કેન્દ્રના માર્ગદર્શન થી ૫ બહેનોને પેન્શન મળતુ થયુ છે. તેની સામે દિલશાદભાઈએ એકલાએ ૩૨૦ બહેનોને પેન્શન અપાવવામાં સહાયભૂત બન્યા છે.જે અભિનંદનને પાત્ર છે.

**ગ્રામ સભા – સશકિતકરણ :**

પંચાયતી રાજનો મુખ્ય ઉદેશ ગ્રામ સ્વરાજ લાવવાનો છે. આવા પંચાયતીરાજનો મુખ્ય સ્તંભ ગ્રામ સભા છે. કેન્દ્ર સરકાર દ્વારા ૧૯૯૯–૨૦૦૦ ને ગ્રામ સભા વર્ષ તરીકે જાહેર કરાયુ છે. ગામના દરેક મતદારોની બનેલી ગ્રામ સભાને મજબૂત કરવાથી પંચાયતી રાજના હેતુઓ પરિપૂર્ણ થશે. આ પ્રયાસ માટે 'ઉન્નતિ' દ્વારા તા. ૨૮/૫/૯૯ ના રોજ ગાંધી શ્રમ સંસ્થાન – અમદાવાદ ખાતે એક કાર્યશાળા યોજાયેલ છે.

**કાર્યકર તાલીમ વર્ગ :**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ચાલતી પ્રવૃતિઓ સાથે જોડાયેલા કાર્યકર મિત્રોનો એક તાલીમ વર્ગ તા. ૨૧/૪/૯૮ ના રોજ યોજવામાં આવ્યો. જેમાં દરેક પાસે જે જવાબદારી (કાર્ય/પ્રવૃતિ) છે તેની વિગતો,હેતુ, કયા જુથ માટે વિગેરેની રજુઆત જેમાં કામે જતી મહિલાઓના બાળકોને સાચવવા, પ્રાથમિક શિક્ષણ, જમીનમાં પાણી ઉતરે અને તળ ઉંચા આવે, લોકોના સંગઠન બને અને જાગૃતિ આવે, તાલીમ દ્વારા જરૂરી માહિતિ મળે જેમાં પટેલ, કોળી, કુંભાર, હરિજન વિગેરે તમામ જ્ઞાતિઓને સાંકળવામાં આવેલ હોવાનુ કાર્યકર્તાઓએ જણાવેલ. સંસ્થા વિચારો સાથે કાર્યનો તાલમેલ થાય છે કે કેમ? તેની ચકાસણી કરવામાં આવી. દરેક પ્રવૃતિઓમાં બહેનોનું સ્થાન શું? ભાગીદારી કેટલી? તેની વિસ્તૃત ચર્ચા હાથ ધરાઈ. જહાન્વી અંધારીયા તથા સુમિત્રા ઠકકર દ્વારા જરૂરી માહિતી આપવામાં આવી હતી.

**સ્વસહાય જુથની આગેવા બહેનોનો તાલીમ કાર્યક્રમ :**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા છેલ્લા બે વર્ષથી પોતાના કાર્ય વિસ્તારમાં બહેનો સાથેના સંપર્ક,મીટીંગો, દ્રશ્ય/શ્રાવ્ય માધ્યમ વિગેરે થી સ્વસહાય જૂથોનું સંગઠન બનેલ છે. આ જુથોની આગેવાન બહેનો માટે તા. ૨૨/૪/૯૯ ના રોજ ખાંભા મુકામે એક તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં જુથની બહેનોએ પોતાના અનુભવો અને પડતી મુશ્કેલીઓની ચર્ચા કરી.

બહેનો બચતના માધ્યમથી એકત્ર થાય જુથ મીટીંગમાં બોલતી થાય, સંગઠન બને, ગામની સમસ્યાઓ બહાર આવે, અને વિકાસના કાર્યોમાં સામેલ થાય તેવા હેતુથી આ સ્વસહાય જૂથો સાથે કાર્યરત 'આનંદી' સંસ્થાએ બહેનોને માર્ગદર્શન પુરુ પાડયું હતું.

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા આ ઉપરાંત દેવગામ, ચિતલ, દામનગર, નાનૂડી વિગેરે ગામોમાં બહેનો સાથે બેઠકો યોજી છે. પરંતુ ત્યાં જૂથો કાર્યરત થયા નથી.

૨૫ બહેનો સાથે પુરા દિવસ માટે ચાલેલી આ કાર્યશાળામાં પચપચીયાના મંજુલાબેન રાખોલીયાએ પોતાના જુથની ચર્ચાઓની રજુઆત કરી હતી. તેમણે બચતના માધ્યમથી બેંક સાથેનો વ્યવહાર શરૂ કર્યાનુ જણાવ્યુ હતુ. તાલુકા કક્ષાએ આ સ્વસહાય જૂથોની બહેનોનુ સંકલન જુથબનાવવા પણ અનુરોધ કર્યો હતો..

## પ્રતિભાવ :

એન.જી.ઓ. સમાચાર માટે નાનો પણ સુંદર પ્રયાસ

– સુરેશ ગણાત્રા SEDC જુનાગઢ

આપના દ્વારા પ્રકાશિત 'ટપક' ના અંકો વાંચીને એમ થયુ કે પાણી ને માટે પાણિ બનાવીને આપ સર્વોએ જળસ્ત્રાવ વિસ્તાર વિકાસ યોજનાની કામગીરીનો અભિગમ અપનાવ્યો છે. અન્ય સંસ્થાઓની કામગીરી અંગેની વિગતો પ્રસિધ્ધ કરો છો તે બાબત ખુબ જ સારી લાગી કેમ કે સામાજિક કલ્યાણ અને વિકાસની વિવિધ કામગીરી કરતી સંસ્થાઓની જાણકારી મળતા આવી પ્રવૃતિઓનો વ્યાપ વધે છે. મારા ગુરૂપુત્ર શ્રી પ્રકાશ ભટ્ટી રચીત ગીત 'વોટરશેડ જોવાને' તથા પંકજભાઈનુ ગીત 'કયાંથી' ની રચના ઘણું ઘણું કહી ગઈ.

. – પી.પી. કાનાણી, યુથ હોસ્ટેલ રાજુલા

'ટપક' એપ્રિલ ,૧૯૯૯ નો અંક સારો થયો છે.
વાદળી રંગમાં, નવા રૂપમાં અંક જામે છે. અંકમાં સુધારો થયો છે.લે–આઉટ સારું લાગે છે. પ્રુફ રીડીંગમાં થોડી ભૂલો રહી છે. નાના નાના સમાચારો આપીને વધુ ને વધુ લેખન સામગ્રી સમાવવાનો પ્રયાસ સ્તુત્ય છે. લાંબે ગાળે 'ટપક' ને વિભાગોમાં વહેંચી શકાય.

–સંજય દવે'ચરખા' અમદાવાદ

પહેલા નામ સાંભળ્યુ હતુ પરંતુ નજરે આજે જોયું. માહિતી શોર્ટ એન્ડ સ્વીટમાં આપેલી છે. આશા છે આપના આ સેવાભાવી કાર્યમાં ઉપયોગી થઈ શકું –રમેશ રાવળ, દિવ

નાનામાં નાની જુથોની કામગીરીને જાહેર કરવાનુ માધ્યમ તરીકેનું કામ 'ટપક' ઉપાડી રહયુ છે.

– સોનદ્રી, રેખા બારીયા,ઈશ્વર યોગી (આશરા)

સામાજિક ઉત્કર્ષ માટે આપનું આ કાર્ય યજ્ઞની સામ્યતા ધરાવે છે. આજના વિજ્ઞાન યુગમાં હોમ,હવન,યજ્ઞ કે અંધ વિશ્વાસની નહી પણ 'ટપક' જેવા મીડીયાની તાતી જરૂર છે.

– દિનેશ પડાયા

જે કાર્યો થઈ રહયા છે. તે વિરાટ ક્રાંતિના ઉમદા સંકલ્પો સમજુ છુ. 'ટપક' વહેતુ રહે

– સુધીરભાઈ મહેતા

### આ 'ટપક'

**કોની કોની છે આ ટપક ?**
**ત્યાના લોકો તણી શું કહેવી ?**
**ના ના ના રે નથી તેની,**
**ત્યારે કોની છે આ ટપક ?**
**પૂર્વજ જેના જે વળી આજે જન્મ થકી,**
**તેની તેની છે આ ટપક,**
**પછી હોય ગમે તે જાત,**
**તેની તેની છે આ ટપક**
**વળી પરદેશી બીજા જેને ભુમીએ પાળી મોટા કર્યા**
**તેની તેની છે આ ટપક,**
**તે તે સઉની છે ટપક,**
**આ ગુજરાતની છે ટપક.**

**દિપક જેબલીયા–દેવગામ**

પુસ્તપ્રેષ–મુદ્રિત સામગ્રી
PL No.L2/6/Amr-91/99 - 16-2-99

પ્રતિશ્રી, ______________________

______________________

______________________

______________________

: ટપક કાર્યાલય :
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર**
૯૫,જલારામનગર–૨ અમરેલી
☎(૦૨૭૯૨)૨૩૫૨૫,૨૦૬૩૫